ગાંધીનગર સમાચાર



# સે. ૨૧માં ખંડેર બની રહેલા સરકારી બિલ્ડીંગો

## નાગરિક પુરવઠા નીગમની ઓફિસ હતી તે બિલ્ડીંગ પંદરેક વર્ષથી બંધ

ગાંધીનગર, તા. ૩

શહેરના સેકટર-૨૧માં નાગરિક પુરવઠા નિગમની ઓફિસો હતી તે બિલ્ડીંગ ખંડેર હાલતમાં વર્ષોથી જોવા મળી રહી છે. એકબાજુ સેકટર-૨૧નું નવીનીકરણ ચાલી રહ્યું છે અને બીજી તરફ આ ખંડેર બિલ્ડીંગ વર્ષોથી શોભાના ગાંઠિયા સમાન બિન ઉપયોગી હાલતમાં જોવા મળી રહી છે. કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલ બિલ્ડીંગમાં દિવાલો જર્જરીત હાલતમાં છે જે ગમે તે સમયે પડી શકે તેમ છે.

જે તે સમયે સરકારી કચેરીઓ અને ઓફિસો જોવા મળતી હતી તે જ બિલ્ડીંગમાં હવે ભૂત બંગલા જેવી સ્થિતિ વર્તાઈ રહી છે. જવાબદાર તંત્ર દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં આવી રહી નથી. કલ્પતરૂની મોટી શોપ હતી જે બંધ કરવામાં આવી હતી. ત્યારથી આ બિલ્ડીંગ બિન ઉપયોગી રહી છે.



નાગરિક પુરવઠા નિગમની ઓફિસ સ્થળાંતર થવાથી આ બિલ્ડીંગો ખાલી થઈ ગયા છે. લગભગ ત્રણ બિલ્ડીંગ એ-૪, એ-૫, એ-૬ વર્ષોથી બંધ છે. જેની હરાજી કરવાની હતી પરંતુ અત્યાર સુધી કોઈ હરાજી કરવામાં આવી નથી.

આ ખંડેર બિલ્ડિંગમાં કોઈ અસામાજિક તત્વો પોતાનો અડ્ડો જમાવી શકે છે. કોઈ પણ પ્રકારની દેખરેખ ન હોવાથી આ બિલ્ડીંગોની હાલત ખરાબ થઈ ગઈ છે. સેક્ટર-૨૧માં વર્તમાન સમયમાં નવીનીકરણની કામગીરીઓ હાથ ધરાઈ રહી છે. ચારેય બાજુ રોડ, રસ્તા, ફૂટપાથ, પાર્કિંગ, દુકાનોનું નવિનીકરણ કરવામાં આવ્યું છે. ત્યારે આ ભૂત બિલ્ડીંગ પર કોઈનું ધ્યાન જ જઈ રહ્યું નથી તેવું નજરે ચડે છે. નીચેના ભાગમાં મોટી મોટી શોપ ધમધમી રહી છે જ્યારે ઉપરના ભાગમાં ખંડેર બિલ્ડિંગ પડી રહી છે.

સેક્ટર-૨૧ના વેપારીઓમાં આ વિષય ચર્ચાનો બન્યો છે. અંદાજે ૧૫ વર્ષથી આ બિલ્ડીંગ બંધ છે જેની સામે ગરબા ક્લાસ અને ફૂડ શોપ ચાલે છે. આ બિલ્ડીંગની દુકાનોની કોઈ પણ જાતની હરાજી કે ભાડે અથવા તો વેચાણથી કોઈ પણ પ્રકારની પ્રક્રિયા કરવામાં આવી રહી નથી. જો વ્યવસ્થિત રીતે આ બિલ્ડીંગને ઉપયોગમાં લેવાય તો સારી દુકાનો ઉભી થઈ શકે છે. કોઈ દુકાનદારોને અને વેપારીઓને પોતાની રીતે વેપાર ધંધો કરવાનો મોકો મળી શકે છે. જો આજ રીતે ખંડેર હાલતમાં રહેશે તો દિવાલો ધરાશાયી થઈને પડશે અને કોઈ પણ નાગરિકને જાનહાની પહોંચી શકે છે. તંત્ર દ્વારા આંખ આડા કાન જેવી સ્થિતિ વર્તાઈ રહી છે. સેક્ટર-૨૧ના નવીનીકરણમાં આ તમામ ખંડેર બિલ્ડિંગને પણ ધ્યાનમાં લેવી જોઈએ.



અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ગાંધીનગર દ્વારા એસએફસી આયામના માધ્યમથી જરૂરિયાતમંદોને કરિયાણા કીટ, કપડાં અને તુલસીના રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સમર્પણ કોલેજ તથા ગાંધીનગરના કાર્યકર્તા સહભાગી બન્યા હતા.



શિયાળાની મોસમ જામી છે ત્યારે શહેરીજનો તાપણીનો સહારો લઈને રાત્રિનો આનંદ માણી રહ્યા છે. તાપણી કરીને રાત્રિ દરમિયાન પરિવાર અને મિત્રો સાથે બેસીને મોસમની મજા માણી રહ્યા છે.



સેકટર-૩ વગડાવાળી ચેહર માતાના મંદિર ખાતે ધન્વંતરી મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં આચાર્ય શ્રી શાસ્ત્રી મનનકુમાર નવીનચંદ્ર વ્યાસ (માણસા-હાલ ગાંધીનગર) દ્વારા દિવ્ય આર્યુવેદિક રોગનાશક ઔષધિઓને ઘીમાં મેળવીને વિધિપૂર્વક વૈદિક મંત્રોચ્ચાર સાથે આહુતી આપવામાં આવી હતી. આ મહાયજ્ઞનો લાભ મેયર, ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટના ચેરમેને લીધો હતો.



ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ઘરગથ્થુ ખાતર અને બાગકામ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આપણી આસપાસ ઉપલબ્ધ કુદરતી ચીજવસ્તુઓના ઉપયોગથી ખાતર કેવી રીતે બનાવવું તે શીખવવામાં આવ્યું હતું. આ ઉપરાંત વસાહતીઓને રાહતદરે વિવિધ પ્લાન્ટસ પણ અપાયા હતા.



શ્રી ઝાલાવાડ ખાખરીયા કડવા પાટીદાર સમાજ દ્વારા વાર્ષિક સ્નેહમિલન સંમેલનનું આયોજન ઉમિયા માતા મંદિર ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમાજના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. પટેલ કાન્તીભાઈ હરગોવનદાસ, ઉ.વ.-૮૫, પેથાપુર
- સ્વ. વાઘેલા મોતીબેન સોમભાઈ, ઉ.વ.-૭૫, સેક્ટર-૪
- સ્વ. મોતીબા શંકરસિંહ, ઉ.વ.-૧૦૨, પીંપળજ

● રૂદ્રભૂમિ ●

- સ્વ. વ્યાસ પ્રવિણચંદ્ર પ્રભુલાલભાઈ, ઉ.વ.-૬૮, રાયસણ

# કોબા ખાતેથી મુખ્યમંત્રીના હસ્તે ૧૫ થી ૧૮ વર્ષના બાળકો માટેના કોવિડ- ૧૯ રસીકરણ અભિયાનનો આરંભ

ગાંધીનગર, તા. ૩

સમગ્ર રાજયમાં આજથી ૧૫ થી ૧૮ વર્ષના બાળકો માટે કોરોના વેકસિનેશનનો આરંભ થયો છે. રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે આ વેકસિનેશનનો આરંભ ગાંધીનગર ખાતેથી કરાવ્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્ય વ્યાપી વેકસિનેશનનો પ્રારંભ ગાંધીનગર નજીકના કોબાની જી.ડી.એમ. કોબાવાલા હાઈસ્કુલથી કરાવ્યો હતો. મુખ્યમંત્રીએ આ હાઈસ્કૂલમાં પહોંચીને ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને કોરોના સામે સુરક્ષા કવચ રૂપી વેક્સીનેશન ડ્રાઈવની રાજયમાં શરૂઆત થવાની કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

સમગ્ર રાજ્યમાં અંદાજે ૩૫ લાખથી વધુ બાળકોને આ રસીકરણનો લાભ આપવા રાજ્યના આરોગ્ય વિભાગે પૂરતી તૈયારીઓ કરી છે.

ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ ૯૩ જેટલી શાળાઓના અંદાજે ૨૦ હજાર બાળકો ને આ રસીકરણ માં આવરી લેવામાં આવશે. આ અભિયાનને સફળતાથી પૂર્ણ કરવા માટે આરોગ્ય કર્મીઓની ૫૦ ટીમ કાર્યરત રહેવાની છે. તા.૩ જાન્યુઆરીથી શરુ થયેલા આ રસીકરણ અભિયાનમાં પ્રથમ દિવસે જ ગાંધીનગર મહાનગર પાલિકા વિસ્તારની ૧૩ શાળાઓના પાંચ હજાર બાળકોને વેક્સિન ડોઝ આપવાનું મહાનગરપાલિકા અને આરોગ્ય વિભાગનું આયોજન છે.

આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, સ્ટેન્ડિંગ કમિટના ચેરમેન જસવંતભાઈ પટેલ સહિત અનેક મહાનુભાવો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.







ગાંધીનગર જિલ્લા સહિત આજે સમગ્ર રાજયમાં ૧૫ થી ૧૮ વર્ષના બાળકોને કોવિડ-૧૯ની રસી આપવાનો આરંભ થયો છે. આજરોજ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં આ અભિયાનનો આરંભ થયો હતો. આ અભિયાનનો આરંભ સેકટર-૭ જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય ખાતેથી શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીના હસ્તે કરાયો હતો.

### ગાંધીનગર જેના પર મોહી પડ્યું છે તે

# કોનોકાર્પસના વૃક્ષથી અસ્થમા અને એલર્જી થઈ શકે છે

## પાટનગરમાં ગ્રીનરી માટે મોટા પ્રમાણમાં આ વૃક્ષ વાવવામાં આવ્યા છે, ઉદેપુરમાં તો આંદોલન કરીને લોકોએ ઉખાડી નાંખ્યા છે

ગાંધીનગર, તા. ૩

ગ્રિનરી, શીતળતા અને શોભા આપતાં વૃક્ષો લોકોને મનમોહક લાગે છે પરંતુ કેટલાક વૃક્ષ એવાં છે કે જે સૌંદર્યની સાથે સાથે આરોગ્યને હાનિકારક પણ બનતા હોય છે. જાહેર સ્થળોએ એવા વૃક્ષો વાવવા જોઈએ નહીં. ગાંધીનગરમાં ઘણી જગ્યાએ જે વૃક્ષ વાવવામાં આવ્યા છે તે કોનોકાર્પસથી અસ્થમા અને એલર્જી થઈ શકે છે. આ વૃક્ષ શરદી અને ખાંસીનું કારણ પણ બની શકે છે.

માત્ર ગાંધીનગર અને અમદાવાદ જ નહીં, રાજ્યના અન્ય શહેરોની શોભા વધારવા કોનોકાર્પસ વૃક્ષોનું મોટાપાયે વાવેતર થઈ રહ્યું છે. કોર્પોરેટ સ્થળોએ પણ હવે તો આ વૃક્ષો જોવા મળી રહ્યાં છે. હવે તો ખેડૂતો તેમના ખેતરની શેઢે કોનાકાર્પસ વૃક્ષ વાવી રહ્યાં છે, કારણ કે આ વૃક્ષને પશુઓ ખાતા નથી તેથી દિવાલનું કામ કરે છે. રિવરફ્રન્ટની કોંક્રિટની દિવાલો ગરમ થઈ જતી હોવાથી ત્યાં મોટાપ્રમાણમાં આ વૃક્ષ વાવવામાં આવ્યા છે. હવે તો આ વૃક્ષ ફાર્મહાઉસની પણ શોભા બની રહ્યાં છે.

આ વૃક્ષથી વિસ્તારની શોભામાં વધારો થાય છે તે નિર્વિવાત છે પરંતુ તેના ગેરફાયદા પણ છે. આ વૃક્ષની જગ્યાએ જો લીમડા વાવવામાં આવે તો તે ગુણકારી અને શિતળતા બક્ષે છે. તેના પાન, બીજ અને મહોર તમામ ચીજવસ્તુ આરોગ્યને ફાયદાકારક હોય છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારી કહે છે કે આ વૃક્ષ સુંદર લાગે છે. પ્રાણીઓ તેને ખાતા નથી. ઓછા પાણીની જરૂર પડે છે. ખર્ચાળ નથી અને ઝડપથી થાય છે. તે કાયમ હરિયાળા રહે છે અને વિસ્તારની શોભા વધારે છે.

વન્ય નિષ્ણાંતોના મતે આ વૃક્ષ ભૂગર્ભ જળ ઝડપથી ઓછા કરે છે. પક્ષીઓ કે મધમાખી આ વૃક્ષ પર બેસવાનું પસંદ કરતા નથી. ૨૫ ફૂટ ઉંચા થતાં કોરોકાર્પસ ૫૨ ડીગ્રી સુધીની ગરમી સહન કરી શકે છે. તે હર્બલ દવા બનાવવા પણ વાપરવામાં આવે છે. તેની ગંધ ખૂબ તીવ્ર છે. જો બગીચામાં બે-ચાર વૃક્ષ હોય તો તેનાથી નુકશાન થતું નથી પરંતુ જો મોટીમાત્રામાં આ વૃક્ષ જ વાવવામાં આવે તો લોકોના આરોગ્યને હાનિ પણ કરી શકે છે.

આ વૃક્ષ પર શિયાળાની ઋતુમાં પરાગરજ બહાર આવે છે અને આખા વિસ્તારમાં ફેલાય છે અને તે જ મુખ્ય એલર્જીનું કારણ બને છે. અસ્થમાના દર્દીઓને વધારે પીડા આપી શકે છે. અસ્થમાના દર્દીઓ વસંત ઋતુમાં વધારે પિડાતા હોય છે તેથી કોઈપણ વૃક્ષની પરાગરજ પર મીઠું નાંખેલું પાણી રેડવામાં આવે છે.

ગુજરાતના વન વિભાગે આ વૃક્ષ વાવવાની કોઈ ભલામણ કરી નથી પરંતુ છત્તીસગઢ ફોરેસ્ટ ડ્રગ્સ બોર્ડે મેન્ગ્રુવ્સ પ્રકારના આ આફ્રિકન વૃક્ષથી થતાં નુકશાન સામે કર્મચારીઓને વાકેફ કર્યા છે. ઉદેપુર લેકસિટીમાં કોનોકાર્પસ વૃક્ષોને લોકોએ જ ઉખાડીને ફેંકી દીધા છે. આ સિટીમાં લોકોએ આંદોલન કર્યું હતું. પાકિસ્તાનના કરાંચીમાં પણ આ વૃક્ષનો વિરોધ થઈ રહ્યો છે.

# સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર ચિલોડા ખાતે સકારાત્મક રસીકરણ અભિયાન



ગાંધીનગર, તા. ૩

સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર, ચિલોડા ખાતે વેક્સીનેશન અભિયાન અંતર્ગત વિદ્યાર્થીઓ અને વાલીઓએ સંસ્થાને સહયોગ કર્યો હતો. વાલીઓ પોતાના બાળકોને લઈને રસીકરણ માટે સવારથી જ આવી ગયા હતા. આ સંસ્થાની વ્યવસ્થાથી દરેક વાલી અને બાળકો ખુશ થયા હતા. વાલીઓએ સરકારી તંત્રનો અને સ્કૂલે કરેલી વ્યવસ્થાનો આભાર માન્યો હતો.

# વ્રજ ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ ખાતો રસીકરણ કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૩

વ્રજ ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટર અને અમદાવાદ કોર્પોરેશન દ્વારા રસીકરણ કાર્યક્રમ ઘણા સમયથી કાર્યરત છે. મોટા ચિલોડાના જીએનએમના ૬૦ કરતા વધુ વિદ્યાર્થીઓ દ્વારા ૬ ઓક્ટોબરથી ૩૧ ડિસેમ્બર સુધી સતત ત્રણ મહિના અમદાવાદના જુદા જુદા વિસ્તારોમાં જઈ આ વૈશ્વિક મહામારીમાં ખુબ જ પ્રશંસનીય રસીકરણ અંગેનું કાર્ય કર્યું છે. વિદ્યાર્થીઓ વર્તમાન સમયમાં પણ રસીકરણ કાર્યક્રમમાં પોતાની ફરજ બજાવી રહ્યા છે. આવા સરાહનીય કાર્ય કરવા બદલ વ્રજ ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ સાયન્સ એન્ડ રીસર્ચ સેન્ટરના દરેક વિદ્યાર્થીઓને સંસ્થાના પ્રેસીડન્ટ ડૉ. અશ્વિનભાઈ પટેલ અને કોલેજના પ્રિન્સિપાલ રીતેશ જેઠી તથા કોલેજના સમગ્ર પરિવાર વતી હૃદયપૂર્વકના અભિનંદન આપ્યા હતા અને સંસ્થાનું ગૌરવ વધારવા માટે શુભેચ્છાઓ પાઠવી હતી.


## જન્મદિને વધામણી



સૂર્યસિંહ ડાભી
મો. ૯૮૨૫૦ ૧૩૭૫૬



મેહુલભાઈ દોશી
જૈન સોશિયલ ગ્રુપ
મો. ૯૯૨૪૧ ૨૭૩૮૨



મહેશસિંહ રાઓલ
મો. ૯૮૨૪૧ ૬૧૨૧૫




કૃણાલ મોરજીકર
સિનિયર પત્રકાર




પાર્થ પટેલ
મો. ૮૩૪૭૧ ૨૧૮૭૧



રૂદ્ર ગૌરવ રાઠોડ
મો. ૯૪૦૯૫ ૧૪૫૭૦



ગર્વી ગુંજન પટેલ



ઝયાસા પ્રિયેશ પટેલ
મો. ૯૪૨૬૫ ૮૨૫૯૪

## આજે ધ્વનિલ પારેખ કૃત અજવાસના વર્તુળનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૩

મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે ધ્વનિલ પારેખ કૃત 'અજવાસનાં વર્તુળ'નું લોકાર્પણ કાર્યક્રમ આયોજીત કરેલ છે. જેમાં અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ખીમાણી, ગુજરાત વિદ્યાપીઠ અને અતિથિ વિશેષ કવિ હર્ષદ ત્રિવેદી ઉપસ્થિત રહેવાના છે. આ કાર્યક્રમ સરદાર ઉપાસના મંદિર, મહાદેવ ગ્રામસેવા સંકુલ, સાદરા ખાતે સવારે ૧૧ કલાકે યોજાશે.